ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ગાંધીનગરમાં ડાયમંડની રાખડીઓ ધૂમ વેચાય છે


## બાળકો માટે ડોરેમોન, સ્પાઈડરમેન અને બેન-ટેનની રાખડીઓ ખરીદવાનો ક્રેઝ : કલકત્તી રાખડીઓના ભાવો વધતા રક્ષાબંધન મોંઘી બની



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા.૨૩

ભાઈ-બહેનના પવિત્ર સંબંધના પ્રતિકરૂપે ઉજવાતો રક્ષાબંધનનો તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે બજારોમાં જુદા જુદા પ્રકારની રાખડીઓ વેચાઈ રહી છે. આ વર્ષે ડાયમંડની રાખડીઓની ફેશને ધુમ મચાવી છે. કલકત્તાની બનાવટની રાખડીઓ ખરીદવાનો ક્રેઝ જોવા મળી રહ્યો છે. જો કે તેમાં પણ ભાવ વધારો થતાં રક્ષાબંધન મોંઘી પડશે.



આજકાલ બજારોમાં સ્ટોલ પર ઝુલતી આકર્ષક રાખડીઓ રક્ષાબંધન હવે નજીક આવી ગઈ છે તેનો અહેસાસ કરાવી રહી છે. રાખડીઓના સ્ટોલ પર ધીમે ધીમે ભીડ જામી રહી છે. આ વર્ષે ડાયમંડના ઉપયોગથી બનાવવામાં આવેલી જુદીજુદી કિંમત અને ડિઝાઈનની રાખડીઓએ માર્કેટ પર કબ્જો જમાવ્યો છે. ગોટા, બુટ્ટીની પરંરાગત રાખડીઓના બદલે ડાયમંડ, રુદ્રાક્ષ અને મોતીનો ઉપયોગ કરીને બનાવેલી કલકત્તી રાખડીઓનો ક્રેઝ ખુબ વધ્યો છે. કારીગરોએ પોતાના મહેનતાણા વધારતા એની અસર રાખડીઓની કિંમત પર પણ પડી છે. સાવ સાદી ડિઝાઈનની રાખડીઓ પણ ૨૦થી ૨૫ રૂ. નંગના ભાવે મળી રહી છે. ડાયમંડ, રૂદ્રાક્ષની રાખડીઓ ૨૦ રૂ.થી લઈને ૩૦૦ રૂ. સુધીની રેન્જમાં વેચાઈ રહી છે. નણંદ ભાભીને બાંધે તેવી લુમ્બા રાખડીઓની ખરીદી પણ થઈ રહી છે. તેની સાથે જ બાળકોને પસંદ હોય તેવી વિવિધ કાર્ટુન કેરેકટરવાળી રાખડીઓ ખરીદવા પણ બાળકો મમ્મી-પપ્પા સાથે બજારોમાં ઉમટી રહ્યા છે. હવે તો દરેક શાળામાં રક્ષાબંધનની ઉજણી થતી હોઈ બાળકો પોતાના કલાસમેટને



બાંધવા માટે કાર્ટુન કેરેકટરની ડિઝાઈનવાળી રાખડીઓ આગ્રહપૂર્વક ખરીદે છે.બાળકોને આકર્ષી શકે તેવી ડોરેમોન, સ્પાઈડરમેન, બેનટેનની રાખડીઓ પણ ખુબ વેચાઈ રહી છે. મીકી માઉસ, ડોનાલ્ડક જેવા કાર્ટુન કેરેકટરની રાખડીઓ ખરીદવામાં બાળકો હવે ઉત્સાહ દાખવતા નથી. કાર્ટુન કેરેકટર ઉપરાંત લાઈટ અને સાઉન્ડવાળી રાખડીઓ પણ બાળકો ખુબ પસંદ કરે છે.જો કે તેની કિંમત વધુ છે તેમ છતાં તેની ખરીદી સારા પ્રમાણમાં થઈ રહી છે.

# ખોરાકી ઝેરની ઘટનામાં વધુ એક યુવાનની હાલત ગંભીર

## એફ.એસ.એલ. અને પી.એમ. રીપોર્ટ નેગેટીવ માલુમ પડશે તો કંપની સામે ગુનો દાખલ કરાશે

ગાંધીનગર, તા. ૨૩

સે. ૨૧માં ઠંડુ પીણું પીવાથી ખોરાકી ઝેરની અસરથી એક મહિલાનું શંકાસ્પદ મોત નિપજત્યા બાદ આજે વધુ એક યુવાનની તબિયત લથડતા તેને સારવાર અર્થે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. જ્યારે આ ઘટના સંદર્ભે એફ.એસ.એલ. અને પી.એમ. રીપોર્ટ નેગેટવી આવશે તો પોલીસ કંપની સામે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરાશે.

શહેરમાં સે. ૨૧ સ્થિત પાન પાર્લરમાંથી ઠંડુ પીણું પીવાથી ગત શનિવારે સાત વ્યક્તિઓને ખેરાકી ઝેરની અસર થવા પામી હતી. આંતરરાષ્ટ્રીય બ્રાન્ડના સોફટ ડ્રીંક્સ પીવાથી શ્રમજીવી પરીવારના સભ્યોને ખોરાકી ઝેરની અસર થતા તાત્કાલિક સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ પૈકી ૬ ને ઓ.પી.ડી. સારવાર બાદ તબિયત સુધરતા રજા આપી દેવામાં આવી હતી. જ્યારે ૨૮ વર્ષીય સુશિલાબેન પટેલનું શંકાસ્પદ મોત નિપજ્યુંહતું. ખોરાકી ઝેરની અસરથી આજે પણ એક યુવાનની તબિયત લથડી છે. વિરમગામ તાલુકાના મોટી હીલોસ ગામના રહેવાસી ૩૦ વર્ષીય ભક્તિરામ ખોડાભાઈ પટેલની તબિયત લથડતા તેમને સારવાર અર્થે અમદાવાદ સ્થિત ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. સે. ૭ પોલીસે મહિલાના શંકાસ્પદ મોત બાદ અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. તબીબ અને એફ.એસ.એલ.ના રીપોર્ટ નેગેટીવ માલુમ પડશે તો સ્થાનિક પોલીસ કંપની સામે ગુનો દાખલ કરી તપાસનો દૌર આગળ ચલાવશે તેમ પણ સૂત્રોએ જણાવ્યું છે.



બિલીપત્ર - ભગવાન શિવની કૃપા મેળવવા બિલીપત્ર ચઢાવવાની પરંપરા ભારતીય સંસ્કૃતિમાં છે. બિલીના ત્રણ પાન ભગવાન શંકરને ચડાવવાની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે અને કષ્ટમાંથી મુક્તિ મળે છે એવી ભાવના શિવમહિમા સાથેવણાયેલી છે. શ્રાવણ મહિનાના સોમવારે વહેલી સવારથી મહાદેવના મંદિર પાસે બિલીપત્ર જથ્થાબંધ વેચાય છે.



સાબરમતીની કોતરોની ભવ્યતા ગંદકીમાં ફેરવાઈ ગઈ....

(તસવીર : દિપક જાની)

# વન વિભાગે સવા વર્ષમાં ૩૬૧૮ ક્વિન્ટલ જલાઉ લાકડાનુ રાહતદરે વેચાણ કર્યુ

## કાર્ડધારક લાભાર્થીઓને રાહતદરે વેચાણના અંતે રૂ. ૩.૯૮ લાખની આવક મેળવી

ગાંધીનગર, તા. ૨૩

વન વિભાગ દ્વારા છેલ્લા ૧૫ મહિનામાં ૩૬૧૮ ક્વિન્ટલ જલાઉ લાકડાનું રાહતદરે વેચાણ કરી રૂ. ૩.૯૮ લાખની આવક મેળવી છે. વિભાગના ડેપોથી બી.પી.એલ. કાર્ડધારકોને જ આ લાકડા રાહતદરેથી વેચાણ અપાય છે. ગત વર્ષ દરમિયાન જિલ્લામાંથી ૨૭૪૯૦ ક્વિન્ટલ જલાઉ લાકડાનુ ઉત્પાદન થયું હતું. (અનુસંધાન પાન-૭ પર)

# ઘ-૭ થી પેથાપુર વચ્ચેના સેન્ટ્રલ વર્જને 'ચેઈન લીંક' લગાવાશે

## તંત્ર દરખાસ્ત તૈયાર કરી વિભાગને મોકલશે

ગાંધીનગર, તા. ૨૩

નગરના 'ઘ' માર્ગ પર ઘ-૭ થી પેથાપુર વચ્ચેના સેન્ટ્રલ વર્જને ચેઈનલીંક લગાવી આકર્ષક બનાવાશે. માર્ગ વચ્ચેના સેન્ટ્રલ વર્જના ભાગમાં રખડતા ઢોર અડીંગો ન જમાવે તેમજ ઝુંપડાવાસીઓ ગંદકી ન કરે તેવા આશયથી પાટનગર યોજના વિભાગ દ્વારા ચેઈન લીંક મુકવામાં આવશે.

શહેરના મુખ્ય વિસ્તારમાં સેન્ટ્રલ વિસ્ટાની મહત્વકાંક્ષી યોજના અન્વયે કરોડોના ખર્ચે લેન્ડ સ્કેપીંગ કરવામાં આવનાર છે. જ્યારે સ્વર્ણિમ પાર્કના નામે ઓળખાતા આ વિસ્તારમાં સેન્ટ્રલવર્જના ભાગમાં હરિયાળા ઉદ્યાન વચ્ચે વોટર બોડી, ચિલ્ડ્રન પાર્ક અને ફૂડકોર્ટ સહિતનું આયોજન કરવામાં આવ્યું છે. બીજીતરફ નગરના મુખ્ય 'ઘ' માર્ગના નવીનીકરણના અંતે પણ સેન્ટ્રલ વર્જનો ભાગ આકર્ષણ વિહોણો બની ગયો છે. જ્યારે 'ઘ' માર્ગ પર ઘ-૭ થી પેથાપુર વચ્ચેના વિસ્તારમાં આસપાસના ઝૂંપડાવાસીઓ માર્ગના સેન્ટ્રલ વર્જમાં શૌચક્રિયા અર્થે જતા હોવાનું પણ તંત્રના ધ્યાને આવ્યું હતું. આ સ્થિતિને ધ્યાને લઈ ઘ-૭ થી પેથાપુર વચ્ચેના સેન્ટ્રલ વર્જને 'ચેઈન લીંક'થી આવરી લેવા વિચારણા હાથ ધરવામાં આવી છે. આ મામલે તંત્ર દ્વારા દરખાસ્ત તૈયાર કરી વિભાગને સુપ્રત કરવામાં આવશે.

# ઘરફોડ ચોરીના કેસમાં આરોપીને ૧૮ માસની કેદની સજાનો આદેશ

## સે-૬માં બે બંધ મકાનમાં હાથ ફેરો કર્યો હતો : લેપટોપ, ઘડીયાળ, સોનાની ચેઈનની ઉઠાંતરી કરી હતી

ગાંધીનગર, તા.૨૩

સે-૬માં બે ઠેકાણે ઘરફોડ ચોરી કરવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને ૧૮ માસની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય માહિતી અનુસાર તા. ૨૫ ઓકટોબર વર્ષ ૨૦૧૧ના રોજ દિવાળી વેકેશનના સમયગાળા દરમિયાન સે-૬-એ પ્લોટ નં. ૪૫૪/૨માં રહેતા ઘનશ્યામભાઈ નાનજીભાઈ ચૌધરી મકાન બંધ કરી પોતાના વતનમાં ગયા હતા. આ દરમિયાન આરોપી રમતુજી ઉર્ફે ટીનીયો શોભાજી ઠાકોર (રહે. ધોળાકૂવા) એ તેમના ઘરના મુખ્ય દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશ કર્યો હતો. ચોર ઈસમે મકાનમાંથી રૂ. ૪ હજારની કીંમતના કોમ્પ્યુટરના એલ.ઈ.ડી. સ્ક્રીનની ચોરી કરી હતી. જ્યારે આ જ આરોપીએ તા. ૧૮ ઓગષ્ટ ૨૦૧૧ના રોજ સે-૬-બીમાં પ્લોટ નં. ૪૧૦/૨નું તાળું તોડી લેપટોપ, કેમેરો, સોનાની ચેઈન તેમજ ઘડીયાળની ચોરી કરી હતી. બનાવ સંદર્ભે મકાનમાલિક આશિષ ઘનશ્યામભાઈ પટેલે સે-૭ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.સે-૭ પોલીસે બંને ઘરફોડ ચોરીના ગુન્હા સંદર્ભે તપાસ હાથ ધરી આરોપીને ઝડપી લીધો હતો. આ કેસ ગાંધીનગરની એડીશનલ સિનિયર સિવિલ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે કે.જી. વાઘેલાએ દલીલો કરી હતી. જે દલીલોને ધ્યાને લઈ જજ શ્રી એમ.પી.ચૌધરીએ આરોપીને તકસીરવાર ઠરાવી ૧૮ માસની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.


## હાર્દિક અભિનંદન



**ઘનશ્યામભાઈ અમીન**
ચેરમેનશ્રી
ગુજરાત સ્ટેટ કો.ઓપ. ક્રેડિટ સોસાયટી ફેડરેશન લી.



**પરેશભાઈ પટેલ**
ડિરેક્ટરશ્રી
ગુજરાત સ્ટેટ કો.ઓપ. ક્રેડિટ સોસાયટી ફેડરેશન લી.

ગુજરાત સ્ટેટ કો.ઓપ. ક્રેડિટ સોસાયટી ફેડરેશન લી.માં ઘનશ્યામભાઈ અમીન સતત ચોથી વખત ચેરમેન તરીકે તથા પરેશભાઈ પટેલ સતત ત્રીજીવાર ડિરેક્ટર પદે બિનહરીફ વરણી થવા બદલ હાર્દિક અભિનંદન સહ આપશ્રી ઉત્તરોત્તર પ્રગતિના સોપાનો સર કરો તેવી શુભેચ્છાઓ સહ...

**પટેલ જગદીશભાઈ બાબુભાઈ**
ચેરમેન, ધી ચિલોડા સેવા સહકારી મંડળી લી.
ડીરેક્ટરશ્રી, ગાંધીનગર જિલ્લા સહકારી સંઘ
ડેપ્યુટી સરપંચ, ચિલોડા ગ્રામ પંચાયત

**પટેલ જયંતિભાઈ ગોરધનભાઈ**
વાઈસ ચેરમેન, ધી ચિલોડા સેવા સહકારી મંડળી લી.
વ્યવસ્થાપક કમિટિના સદસ્યો તથા ગ્રામજનો
ધી ચિલોડા સેવા સહકારી મંડળી લી.
મુ. પો. ચિલોડા મોટા, તા.જી. ગાંધીનગર



## વધે તમારી નામના એવી અમારી શુભેચ્છાઓ



**મા. શ્રી નરેન્દ્રભાઈ મોદી**
મુખ્યમંત્રીશ્રી, ગુજરાત



**શ્રી રૂચિર ભટ્ટ**
અધ્યક્ષ
ગાંધીનગર મહાનગરપાલિકા



**શ્રી આર. સી. ફળદુ**
પ્રમુખશ્રી
ગુજરાત પ્રદેશ, ભાજપ



**અજયભાઈ પ્રજાપતિ**
પ્રમુખશ્રી,
ભાજપ બક્ષીપંચ મોરચો, વોર્ડ-૪



**હર્ષ બારોટ**
મહામંત્રીશ્રી,
ભાજપ બક્ષીપંચ મોરચો, વોર્ડ-૪

ભારતીય જનતા પાર્ટી, ગાંધીનગર મહાનગર **અધ્યક્ષશ્રી રૂચિરભાઈ ભટ્ટ**ની મંજૂરીથી તેમજ ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર મહાનગર બક્ષીપંચના પ્રમુખશ્રી પંકજ ઠાકોર અને મહામંત્રી નરેન્દ્ર પંચાલ તેમજ ભીમસી આહિર દ્વારા કરવામાં આવેલી**અજયભાઈ પ્રજાપતિ**ની ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર મહાનગરના વોર્ડ-૪ના બક્ષીપંચ મોરચાના પ્રમુખ તરીકે તેમજ મહામંત્રી તરીકે **હર્ષ બારોટ**ની નિમણૂકને અમો આવકારી હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ તેમજ ઉત્તરોત્તર પ્રગતિના પંથે આગળ વધતા રહી બક્ષીપંચ સમાજની સેવાઓ કરો તેવી અમારી શુભકામનાઓ...

**શુભેચ્છકો**

| | | |
|---|---|---|
| ડો. અંકુર જે. પરમાર | ડો. તેજલ દલાલ | ડો. ભૂપેન્દ્રભાઈ પંચાલ |
| શ્રીજી ડેન્ટલ કેર, સેક્ટર-૭ | તેજ આઈ સેન્ટર, સેક્ટર-૭ | અમદાવાદ |
| ડો. નવીનભાઈ પટેલ | સંજયભાઈ એ. પ્રજાપતિ | ડો. મનીષભાઈ પટેલ |
| વાડજ, અમદાવાદ | જીનલ સિલેક્શન, સેક્ટર-૨૧ | વાડજ, અમદાવાદ |
| ડો. વિજયભાઈ પંચાલ | ડો. જયેશભાઈ અમીન | નરેન્દ્રસિંહ વાઘેલા |
| સુરત | ગેલેક્ષી સિનેમા પાસે, નરોડા | સરકીટ હાઉસ |
| આલમખાન પઠાણ | તાહીર શેખ | દર્પણ ધોળકીયા |



**જોઈએ છે**
સ્કૂલ બસ માટે ડ્રાઈવર જોઈએ છે
ફોન નં. ૯૮૯૮૮૫૪૯૫૩ (હરીશભાઈ)
ફોન નં. ૯૯૯૮૬૭૦૧૦૦ (મેહબુબભાઈ)
નોંધ : અરજી સાથે રૂબરૂ મળવું. ટાઈમ : ૧૦ થી ૫



**ટચુકડી જાહેર ખબર**
દર ગુરુવારે-રવિવારે
જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧



TMT BARS - ISI
TATA STEEL • PIPES • SHEETS
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com